દાખલ તારીખ : ૧૩/૦૧/૨૦૨૧
નોંધણી તારીખ: ૧૩/૦૧/૨૦૨૧
ફેસલ તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
સમયગાળો :
વર્ષ- , માસ- , દિવસ-

# સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં, મુકામ – સુરત

## ફોજદારી કેસ નંબર–૧૩૨/૨૦૨૧

**આંક –**

**ફરિયાદી** : શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : નરેશભાઈ હરીભાઇ આહીર , ઉ.વ.આ.૪૦, ધંધો–વેપાર, રહે, ભાટપોર ગામ, આહીર ફળીયુ, તા.ચૌયાસી,જી. સુરત.

**ગુનો :** ઇ.પી.કો.કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબ.

==========================================================

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી કે.સી.રાવલ**
**આરોપી તરફે : વિ.વ.શ્રી જી.એમ.લખેરા**

==========================================================

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૩/૦૭/૨૦૨૦ ના રોજ કલાક.૨૦:૩૦ વાગ્યા દરમિયાન આ કામના આરોપીએ ચોપાટી દરગાહ પાસે આવેલ સીગ્નલ પાસે દારૂનો નશો કરેલ હાલતમાં પોતાના કબ્જાની એક મહિન્દ્રા પીક–અપ ફોર વ્હીલ ટેમ્પો આ કામના ફરિયાદીની મહિન્દ્રા થાર ફોર વ્હીલ ગાડીને પુર ઝડપે અને ગફલત

ભરી રીતે હંકારી લાવી ગાડીને પાછળથી ટકકર મારી ગાડીમાં આશરે રૂા.૧૦,૦૦૦/– ની મત્તાનુ નુકસાન પહોચાડી ઈ.પી.કો કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) ફરિયાદીએ ઉમરા પો.સ્ટે.માં FIR નં.૧૧૨૧૦૦૪૮૨૦૦૮૬૬/૨૦૨૦ થી ફરિયાદ આપતા ગુનો રજીસ્ટર થતાં, ત.ક.અ.શ્રીએ તપાસને અંતે ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપી વિરૂદ્ધ ઈસ્યુ કરવામાં આવેલ પ્રોસેસની ધોરણસર બજવણી થયા બાદ આરોપીઓ અદાલતમાં હાજર થયેલા હોઈ, આરોપીની આંક–૦૪ થી પ્લી આરોપીની પ્લી રેકર્ડ કરેલી. જેમાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ અને આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર થયેલ.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં પુરાવો રજૂ કરેલ છે. જેમા ફરિયાદી સાહેદ કીરાત કીશોરભાઇ પટેલની જુબાની આંક–૦૫ થી નોધાયેલ અને આંક–૦૬ થી ફરિયાદ રજુ કરેલ છે તથા આંક–૧૦ થી સાહેદ અખિલેષકુમાર ઉર્ફે અર્જનભાઇ આધ્યપ્રસાદ મીશ્રાની જુબાની નોંધાયેલ છે, આંક–૧૧ થી ગુના વાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ, આંક–૧૨ સાહેદ કિરણભાઇ દિનેશભાઇની જુબાની નોંધાયેલ છે, છે તેમજ આંક–૧૩ થી અટક પંચનામુ રજુ થયેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ. તે રીતે ફરિયાદપક્ષે અન્ય વધુ કોઇ અન્ય પુરાવો રજુ થયેલ નથી. આ કામે રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવાને ધ્યાને રાખતા આરોપીનુ વિશેષ નિવેદન માટે કામ મુકરર કરવામાં આવેલ. ત્યારબાદ સી.આર.પી.સી કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપી સોગંદ પર પુરાવો આપવો નથી અને બચાવના સાહેદ તપાસવા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ પોલીસે ખોટી ફરિયાદ દાખલ કરેલ છે અમો આરોપી ઉપર ખોટો કેસ દાખલ કરેલ છે. ત્યારબાદ સદર કામ દલીલો માટે મુકરર કરવામાં આવેલ. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો પણ સાંભળવામાં આવી. ચર્ચાનુ પુનરાવર્તન ન થાય તે માટે સદરહું દલીલોનો અલાયદો ઉલ્લેખ નહી કરતા, તે ધ્યાને રાખીને હાલના કેસનો ન્યાય નિર્ણય કરતી વખતે આપવામાં આવેલ કારણોમાં આવરી લેવામાં આવેલ છે.

(૪) પ્રસ્તુત કામે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આરોપી તા.૨૩/૦૭/૨૦૨૦ ના રોજ કલાક.૨૦:૩૦ વાગ્યા દરમિયાન ચોપાટી દરગાહ પાસે આવેલ સીગ્નલ પાસે દારૂનો નશો કરેલ હાલતમાં પોતાના કબજાની એક મહિન્દ્રા પીક–

અપ ફોર વ્હીલ ટેમ્પો આ કામના ફરિયાદીની મહિન્દ્રા થાર ફોર વ્હીલ ગાડીને પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ગાડીને પાછળથી ટકકર મારી ગાડીમાં આશરે રૂા.૧૦,૦૦૦/– ની મત્તાનુ નુકસાન પહોચાડી ઈ.પી.કો કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

2. શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે નીચે મુજબ નિર્ણય આપવામાં આવે છે.

**નિ ર્ણ ય**

1. નકારમાં,
2. આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

(૬) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્ભવતી ન હોય અને એક અતૂટ સાંકળની જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય તો જ આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

**મુદ્દા નં.૧ અન્વયે**

(૭) પ્રસ્તુત કામે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા સાહેદ પૈકી સૌ પ્રથમ ફરિયાદી સાહેદ કીરાત કીશોરભાઇ પટેલની આંક–૦૫ થી રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેમણે સરતપાસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, બનાવ તા.૨૩/૦૯/૨૦૨૦ ના રોજ સાંજે ૮:૩૦ વાગ્યાના અરસામાં ચોપાટી દરગાહ સગ્નલ પાસે તેમની મહીન્દ્રા થાર કે જેનો રજી.ન.જી.જે.૧૯.એ.એમ.૬૩૯૦ લઇને ઉભા હતા ત્યારે મહીન્દ્રા પીકઅપ પુરઝડપે આવીને પાછળથી ટકકર મારી દીધેલ જેનો રજી.નં.જી.જે.૦૫.બી.એક્ષ.૯૮૮૮ નું હતુ. ત્યારબાદ સાહેદ બહાર નીકળીને જોતા ગાડીને ઘણું નુકસાન થયેલ હતું અને આ કામના આરોપી નશાની હાલતમાં હતા. ત્યારબાદ બનાવ બાબતની ફરિયાદ ઉમરા પો.સ્ટે.માં આપેલી. સાહેદના પુરાવા દરમિયાન ફરિયાદ આંક–૦૬ થી રજુ થયેલ છે.

ત્યારબાદ આ સાહેદની આરોપીપક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરેલ છે જેમાં સાહેદે જણાવ્યુ છે કે, જેમા સાહેદે સ્વીકાર્યુ છે કે, અકસ્માતની જગ્યાએ ફરિયાદ લખવામાં આવેલ નહી. સાહેદ જણાવે છે કે તેઓએ ફરિયાદ ૯ થી ૯:૧૫ વાગ્યાની આસપાસ સહી કરેલ છે. સાહેદે સ્વીકાર્યુ છે કે અકસ્માત કરનારને ટ્રાફીક ચોકીએ લઇને ગયેલ ત્યારે આરોપીના નામની ખબર પડેલ. સાહેદ સ્વીકારે છે કે, ટકકર

સમયે આરોપીને જાતે તેઓએ જોયેલ નથી. સાહેદે સ્વીકાર્યુ છે કે બનાવના સ્થળે ભરચક ટ્રાફીક હતુ. સાહેદને એ વાતની ખબર નથી કે સાઈડે ચાલતા લોકો પણ હતા. તેઓએ દરગાહ પાસે સિગ્નલની હકીકત પોલીસમાં લખાવેલી પણ પોલીસે લખેલ નહી. સાહેદ સ્વીકારે છે કે, ટકકર વાગતા તેઓ આગળળ નીકળી ગયેલ તે પણ પોલીસ રૂબરૂની ફરિયાદમાં નથી. સાહેદે સ્વીકારે છે કે ગાડીઓને ટ્રાફિક પોલીસ વાળા પાસે બોલાવેલ તે હકીકત ફરિયાદમાં લખાવેલ નથી. સાહેદ સ્વીકારે છે કે, આરોપીનુ નામ પાછળથી જાણવા મળેલ. સાહેદે સ્વીકારે છે કે પોલીસ આવેલ ત્યારે કોઇ લખાણ થયેલ નહી. સાહેદ જણાવે છે કે ગાડીની નુકસાની અંગે કોઇ મોટર મીકેનીકનો અભીપ્રાય લીધેલ નથી. સાહેદે સ્વીકારે છે કે આરોપી દારુ પીધેલાની હકીકત તેઓએ પોલીસને કીધેલી. આરોપીએ દારુ પીધેલાની હકીકત પોલિસે લખી નહી હોય તે અંગે તેઓનો કોઇ ખુલાસો નથી. સાહેદ જણાવે છે કે સૈયદ ફકરુદ્દીન કરીમુદ્દીન ની ગાડી સાહેદની ગાડીથી આગળ હતી. સાહેદ જણાવે છે કે ટ્રાફીક પોલીસને સાહેદ સાથે કોઇ વાતચીત થયેલ નહી. ફકરુદ્દીન કરીમુદ્દીન તેઓના મિત્ર થાય છે તેઓને સાહેદ છેલ્લા ૧૦ વર્ષથી ઓળખે છે. સાહેદે વધુમાં સાહેદ જણાવે છે કે, ગાડી ફુલ સ્પીડમાં હતી. તે હકીકત તેઓએ પોલીસમા લખાવેલ પરંતુ પોલીસે નહી લખી હોય તો ખુલાસો નથી.

(૭.૧) પ્રસ્તુત કામે ફરિયાદ પક્ષે સાહેદ અખિલેષકુમાર ઉર્ફે અર્જનભાઇ આધ્યપ્રસાદ મિશ્રાની આંક–૧૦ થી રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેમણે સરતપાસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, સને ૨૦૨૦ માં ઉમરા પોલીસનો કોઇ ઇસમે બોલાવેલ અને એક લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા સાહેદે સહી કરેલી. તે કાગળમાં શુ લખેલ હતુ તેની તેઓને ખબર નથી. પોલીસવાળા ઇસમ કોઇ જગ્યાએ લઇ ગયેલ હોય અને તે જગ્યાનુ તેઓની રૂબરૂ પંચનામુ કરેલ હોય તેવુ તેમને ખબર નથી. સાહેદને પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે જોઇને પંચ નં.૦૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. હાલના કામે સાહેદે પંચનામાની વિગતોને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

ત્યારબાદ આરોપી તરફે સાહેદની ઉલટતપાસ કરેલ છે જેમા સાહેદે જણાવેલ છે કે તેઓએ પંચનામામાં સહી કરી ત્યારે તેઓની સાથે બીજા કોઇ વ્યકિતએ સહી કરેલી કે નહી.

(૭.૨) પ્રસ્તુત કામે ફરિયાદ પક્ષે સાહેદ કિરણભાઇ દિનેશભાઇની આંક–૧૨ થી રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેમણે સરતપાસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, તેઓ ૨૦૨૦ માં ઉમરા પો.સ્ટેમાં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા બનાવ સમયે તેઓ ઇન–વે માં હતા ત્યારે ફરિયાદી તથા આરોપી તેઓની પાસે આવેલ અને જણાવેલ કે, ચોપાટી પાસે અકસ્માત થયેલ છે અને ફીરયાદીએ ફરિયાદમાં જેનો ગુના.રજી.નં.૮૬૬/૨૦૨૦ જે ઇપીકો કલમ–૨૭૯, ૪૨૭ તથા એમવી એકટ–૧૭૭ વિગેરે મુજબની હતી. ફરિયાદીની જણાવ્યા મુજબ આ કામના ફરિયાદી મહિન્દ્રા થાર ગાડી

લઈને સીગ્નલ બંધ હોય તેઓ ઉભા હતા ત્યારે પાછળથી એક પીકઅપ ગાડીએ પાછળથી ટકકર મારેલી અને તે બાબતે ફરિયાદીએ ફોન કરતા પોલીસ આવેલી અને ફરિયાદ કરેલી ત્યારબાદ આગળની તપાસ સાહેદને મૌખિકમાં મળતા તેઓએ તપાસ સંભાળી લીધેલી અને આરોપીને અટક કરી આ કામના આરોપીની ગાડી જમાં લીધેલી. જે બાબતનુ પંચનામુ પંચોની હાજરીમાં કરેલ તથા રૂબરૂ પણા તરીકે તેઓએ સહી કરેલી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરૂધ્ધ એમવી એકટ ૧૮૫ વિરૂધ્ધનો ઉમેરો કરાવેલો. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળતા ચાર્જશીટ કરેલ.

ત્યારબાદ આરોપીપક્ષના વિ.વ.શ્રીએ વિગતવારની ઉલટ તપાસ કરેલ જેમાં સાહેદે જણાવ્યુ છે કે, આરોપીની અટક ઉમરા પો.સ્ટેમાં કરવામાં આવેલી. સાહેદ સ્વીકારે છે કે, આરોપીને કેટલા વાગે પીસીઆર વાનમાં બેસાડવામાં આવેલ તો તેની તેઓને જાણ નથી. સાહેદ સ્વીકારે છે કે, કહેવાતો બનાવ તા.૨૩/૦૭/૨૦૨૦ ના રોજ કલાક ૨૦:૪૫ ના રોજ બનેલો અને અટક તા.૨૩/૦૭/૨૦૨૦ ના રોજ કલાક ૨૨:૫૦ ના રોજ કરેલ. સાહેદ વધુમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપી દારૂ પીધેલ હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં ન હતો.

(૮) તમામ હકીકત અને સંજોગોનો તેમજ રેકર્ડ ઉપરના પુરાવાનો સમગ્રપણે અભ્યાસ કરવામાં આવેલ છે. આ કામના ફરિયાદી સાહેદ કીરાત કીશોરભાઈ પટેલનાએ સરતપાસમાં સ્પષ્ટપણે એવું જણાવેલ છે કે બનાવ તા.૨૩/૦૯/૨૦૨૦ ના રોજ સાંજે ૮:૩૦ વાગ્યાના અરસામાં ચોપાટી દરગાહ સિગ્નલ પાસે તેમની મહીન્દ્રા થાર કે જેનો રજી.ન.જી.જે.૧૯.એ.એમ.૬૩૯૦ લઈને ઉભા હતા ત્યારે મહીન્દ્રા પીકઅપ પુરઝડપે આવીને પાછળથી ટકકર મારી દીધેલ જેનો રજી.નં.જી.જે.૦૫.બી.એક્ષ.૯૮૮૮ નું હતુ. ત્યારબાદ સાહેદ બહાર નીકળીને જોતા ગાડીને ઘણું નુકસાન થયેલ હતું અને આ કામના આરોપી નશાની હાલતમાં હતા. પરંતુ તે હકીકતો અંગે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદે એવું જણાવી દીધેલ છે કે ટકકર સમયે આરોપીને જાતે તેઓએ જોયેલ નથી. ટકકર વાગતા તેઓ આગળ નીકળી ગયેલ તે પણ પોલીસ રૂબરૂની ફરિયાદમાં નથી. ગાડીની નુકસાની અંગે કોઈ મોટર મીકેનીકનો અભીપ્રાય લીધેલ નથી. આમ, બનાવ સમયે આ કામના આરોપી જ અકસ્માત કરનાર વાહન ચલાવતા હોય અને આરોપીની બેદરકારીના કારણે જ અકસ્માત થયેલ હોય તેવુ ફરિયાદપક્ષના પુરાવા થકી નિશંકપણે સાબિત થતું નથી. વધુમાં, સાહેદ અખિલેષકુમાર ઉર્ફે અર્જનભાઈ આધ્યપ્રસાદ મિશ્રાની આંક–૧૦ થી સરતપાસમાં ઉમરા પોલીસનો કોઈ ઈસમે બોલાવેલ અને એક લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા સાહેદે સહી કરેલી. તે કાગળમાં શુ લખેલ હતુ તેની તેઓને ખબર નથી. તેમ જણાવેલ છે. હાલના કામે આ સાહેદે પંચનામાની વિગતોને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેથી પંચ સાહેદના પુરાવા થકી પંચનામું સાબિત થતું નથી. વધુમાં, સાહેદ કિરણભાઈ દિનેશભાઈની આંક–૧૨ થી રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓ હાલના ગુનાની તપાસ કરનાર અમલદાર છે તેઓએ સરતપાસમાં કરેલ કામગીરી જણાવેલ છે અને ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, આરોપીને કેટલા વાગે પીસીઆર વાનમાં બેસાડવામાં

આવેલ તો તેની તેઓને જાણ નથી અનેઆરોપી દારૂ પીધેલ હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં ન હતો. એટલું જ નહી પરંતુ આ કામે આરોપી નશાની હાલતમાં હોય તેવું દર્શાવતો કોઇ જ પુરાવો રેકર્ડ પર રજુ નથી. આમ ત.ક.અ.ની ઉપરોકત ઉલટતપાસની હકીકતો જોવામાં આવે તો બનાવ અંગે શંકા ઉપજે છે. આમ જયારે ફરિયાદીનો પુરાવો જ શંકાસ્પદ હોય ત્યારે અન્ય પંચ સાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદ કરતો નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખતા બનાવ તારીખે સમયે અને સ્થળે આ કામના આરોપી પુરઝડપે અને બેદરાકીરીપૂર્વક મહિન્દ્રા પીકઅપ ટેમ્પો દારૂ પીધેલા હાલતમાં નશો કરીને ચલાવતા હોય અને આરોપીની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય તેવી લેશમાત્ર હકીકત ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદી, પંચ સાહેદોના પુરાવા થકી ફરિયાદપક્ષનો કેસ સાબિત થતો નથી. જેથી સમગ્રપણે ઉપરોક્ત તમામ ચર્ચા મુજબ રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવે તો ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે તેમ આ અદાલતનું નમ્રપણે માનવું હોઈ, ન્યાયના હિતમાં આ કામે ઉપસ્થિત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

1. આરોપીને, સી.આર.પી.સી.ની કલમ–૨૫૫(૧) અન્વયે ઇ.પી.કો કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ.વી એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. અપિલ સમય પુરો થયા બાદ જો હાલના ચુકાદા વિરુદ્ધ અપિલ થયેલ ન હોય તો આ ગુનાના કામે કબજે કરેલ વાહન અંગે વચગાળાનો જે કંઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાનો કોઈ હુકમ થયેલ ન હોય તો ત.ક.અ.શ્રીએ માલિકી અંગેના આધારો મેળવી મૂળ માલિકને પરત સોંપવા આથી હુકમ કરવામાં આવે છે.
3. આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈઓ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપવા ૬ (છ) માસના સમય માટેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૨મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ – ૧૨/૦૩/૨૦૨૬.**
**સ્થળ – સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**Judge Code : GJ**01606
**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ (મ્યુનિસિપલ), સુરત**